| કાર્યપાલક ઈજનેર<br>સેન્ટ્રલ ઝોન | | સુરત મહાનગરપાલિકા<br>સેન્ટ્રલ ઝોન,નવુ વહીવટી ભવન<br>મુગલીસરા મેઈન રોડ, સુરત. Ext.૨૦૫<br>કન્ટ્રોલ રૂમ : ટે.નં.૨૪૨૦૫૪૭ ફેક્સ : ૨૪૨૦૫૪૮ |
|---|---|---|


પ્રતિ,

............................

............................

............................

............................

**વિષયઃ–** સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં આવેલ અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીને આઈટમ રેટ મુજબ સફાઈ કરવાનું કામ.

**સંદર્ભઃ–** (૧) સ્થા. સ. ઠ. નં. ૧૨૪૨/૨૦૨૩ , તા. ૧૧/૦૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટ.

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,સેન્ટ્રલ ઝોનમાં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં આવેલ અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીને આઈટમ રેટ મુજબ સફાઈ કરવાના કામે સ્થા. સ. ઠ. નં. ૧૨૪૨/૨૦૨૩ , તા. ૧૧/૦૮/૨૦૨૩ થી આગામી ૧ (એક) વર્ષ સુધી અથવા નવા યુનિટ રેઈટનું ટેન્ડર મંજૂર ન થાય એ બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધી યુનિટ રેઈટ મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ.

સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં આવેલ અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીને આઈટમ રેટ મુજબ સફાઈ કરવાના કામે અંદાજીત રકમ રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ પૈસાની (૫૦,૦૦,૦૦૦.૦૦ × રૂા. ૦.૧૦ પ્રતિ લીટર = રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ ) કામગીરી સ્થા. સ. ઠ. નં. ૧૨૪૨/૨૦૨૩ , તા. ૧૧/૦૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટ મુજબ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ તેમજ નીચે જણાવેલ ડોકયુમેન્ટ બંધ કવરમાં તા.૦૫/૧૦/૨૪...... સુધીમાં સેન્ટ્રલ ઝોન ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઇ બંધ કવર સ્વીકારવામાં આવશે નહી.

:– શ ર તો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૫,૦૦૦.૦૦/– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે ‘ ઈ–૨ વર્ગ ’ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૧,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે સરકારી અર્ધસરકારી સંસ્થામાં પૂર્ણ કરેલ કામના/ અનુભવના પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે. કરેલ કામોની વિગત તેની કિંમત સહિત તેમજ કરેલ કામના પ્રમાણપત્ર તેમજ અન્ય તમામ જરૂરી પત્રક સેલ્ફ સર્ટીફાઈડ /ટ્રુ કોપી રજુ કરવાના રહેશે

૫. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૫. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગર પાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

૬. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

કાર્યપાલક ઈજનેર

સેન્ટ્રલ ઝોન

સ.ર. એકઝી. આસી.શ્રી(આઈ.એસ.ડી.) પ્રતિ,

સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં આવેલ અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીને આઈટમ રેટ મુજબ સફાઈ કરવાની કામગીરી બાબતે સંમતિ પત્રક મંગાવવામાં આવેલ છે. જેને સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાનું હોય, આ પત્ર અપલોડ કરવા ઘટતું થવા વિનંતી.

| | | |
|---|---|---|
| કામનું નામ | :- | સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં આવેલ અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીને આઈટમ રેટ મુજબ સફાઈ કરવાની કામગીરી બાબત |
| શરૂઆતની તારીખ | :- | તા.૨૬/૦૯/૨૦૨૪ ના સાંજે ૫.૦૦ કલાક થી |
| અંતિમ તારીખ | :- | તા.૦૫/૧૦/૨૦૨૪ ના સાંજે ૫.૦૦ કલાક સુધી |

નં. સી.ઝેડ/એન્જી./આઉટ/૨૯૦૬
તા. ૨૫/૦૯/૨૦૨૪

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

03

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૧–૮–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૭–૭–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૪૧૨ થી વિદિત થઈ, સેન્ટ્રલ ઝોનમાં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં આવેલ અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીને આઈટમ રેઈટ મુજબ સફાઈ કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર શ્રી વિનાયક કોર્પોરેશનનું આશરે ૧,૦૦,૦૦,૦૦૦ લીટરના જથ્થા મુજબ રૂા.૦.૧૦ પ્રતિ લીટર લેખે રૂા.૧૦,૦૦,૦૦૦/– નું બિનશરતી ટેન્ડર મંજુર કરવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું તેમજ સદર ટેન્ડરના ભાવોને આગામી ૧ (એક) વર્ષ સુધી અથવા નવા યુનિટ રેઈટનું ટેન્ડર મંજુર ન થાય એ બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધી યુનિટ રેઈટ તરીકે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૨૪૨/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

Received On
Dt. 18/8/23

ર.ર.પટેલ
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૭–૮–૨૦૨૩.

નં સી/સ્થા/ઠ/ 650
તા. 19/ 8 /202

HDP.AE (RAC) W/CS

આર.એ.સી./ર/ઠ/ 944
તા. 19/08/23

Ex Engr (HOU) (CZ)

C.Z./Eng./In/ 4025
Date. 22-8-2023

(૫) આ પત્ર મળ્યેથી કામ શરુ કરવા માટે કામની લાઈન/ માર્ગદર્શન/ સલાહસુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે.ઈજનેરશ્રી/આસી. ઈજનેરશ્રીનો સંપર્ક સાંધવા નોંધ લેશો. (મો.નં. ૬૩૫૯૯ ૦૮૯૦૭)

(૬) આ કામ પુર્ણ કરવાની સમયમર્યાદા સદર વર્કઓર્ડર આપ્યાની તારીખથી દિન–૧૫ (પંદર) બાદ ૧૨ (બાર) માસની ગણવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

05

સુરત મહાનગરપાલિકા
સેન્ટ્રલ ઝોન,નવુ વહીવટી ભવન
મુગલીસરા મેઈન રોડ, સુરત. Ext.૨૦૫
કન્ટ્રોલ રૂમ : ટે.નં.૨૪૨૦૫૪૭ ફેક્સ : ૨૪૨૦૫૪૮

## વ ર્ક ઓ ર્ડ ર

સીઝેડ/વર્કઓર્ડર નં. ૯૫૭
તા. ૨૮/૦૮/૨૦૨૩

પ્રતિ,
શ્રી વિનાયક કોર્પોરેશન
શોપ નં.એફ–૧૬,સીલીકોન વ્યુ–બી,
અર્ચના સ્કુલ થી પર્વત પાટીયા રોડ,
મગોબ, સુરત.

વિષય :– સેન્ટ્રલ ઝોન માં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં આવેલ અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીને આઈટમ રેટ મુજબ સફાઈ કરવાનું કામ.
સંદર્ભ :– (૧) ટેન્ડર નોટીસ નં.– એ.સી.ઈ./સી.ઝેડ/ઓન લાઈન/૨૭/૨૦૨૨–૨૩ ના કામ નં.૦૭
(૨) સ્થા.સ.ઠનં. ૧૨૪૨/૨૦૨૩, તા.૧૧/૦૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટ.

મહાશય,

ઉપરોક્ત વિષય / સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સેન્ટ્રલ ઝોન માં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં આવેલ અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીને આઈટમ રેઈટ મુજબ સફાઈ કરવાના કામે અંદાજીત રકમ રૂા.૧૦,૦૦,૦૦૦.૦૦ પૈસાની (૧,૦૦,૦૦,૦૦૦.૦૦ × રૂા.૦.૧૦ પ્રતિ લીટર = રૂા.૧૦,૦૦,૦૦૦.૦૦) કામગીરી સ્થા.સ.ઠનં. ૧૨૪૨/૨૦૨૩, તા.૧૧/૦૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટ મુજબ આપશ્રીને સોંપવામાં આવેલ છે. જેથી આ પત્ર મળ્યેથી તાકીદે બનતી પ્રાથમિક તૈયારીઓ કરી સદર કામ ચાલુ કરવા આ વર્ક ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૧૫ માં નીચે મુજબની પૂર્તતા કરવા તાકીદ કરવામાં આવે છે.

**(અ) એગ્રીમેન્ટ / અનામત :–**

(૧) મંજુર કામની રકમના ૨.૦% પ્રમાણે સીકયુરીટી ડીપોઝીટ રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપીયા વીસ હજાર પુરા/–) ડીમાન્ડ ડ્રાફટ / રોકડેથી જમા કરાવવા પ્રબંધ કરશો. સીકયોરીટી ડીપોઝીટની રકમ વર્કઓર્ડરની તારીખથી દિન–૧૫ (પંદર) માં જમા કરાવવાની રહેશે. જો તેમ કરવામાં કસુર વિલંબ થશે તો સીકયોરીટી ડીપોઝીટના ૦.૦૬૫% પ્રતિ દિવસ પ્રમાણે વસુલ લેવામાં આવશે. જેની નોંધ લેશો.

(૨) કરારનામા/જામીનગીરી અને અન્ડર ટેકીંગ માટે રૂા.૩૦૦/– વત્તા ૩૦૦/– વત્તા ૩૦૦/– પુરાની કિંમતનો ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરી જવાનું રહેશે.

(૩) જો આપની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદાર કરારની ઝેરોક્ષ/પ્રમાણિત નકલ રજુ કરી સાથે અસલ કરાર બતાવી જવા તજવીજ કરવી.

(૪) આ કામ હેઠળ ટેન્ડરમાં નિયત શીડયુલ પ્રમાણે પ્રગતિ જળવાઈ રહે તે માટે અત્રેથી ખાસ તકેદારી રાખવામાં આવશે. જેથી તે મુજબ કામની અચુક પ્રગતિ રાખવા નોંધ લેશો.

(૫) આ પત્ર મળ્યેથી કામ શરુ કરવા માટે કામની લાઈન/ માર્ગદર્શન/ સલાહસુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે.ઈજનેરશ્રી/આસી. ઈજનેરશ્રીનો સંપર્ક સાંધવા નોંધ લેશો. (મો.નં. ૬૩૫૯૯ ૦૮૯૦૭)

(૬) આ કામ પુર્ણ કરવાની સમયમર્યાદા સદર વર્કઓર્ડર આપ્યાની તારીખથી દિન–૧૫ (પંદર) બાદ ૧૨ (બાર) માસની ગણવામાં આવશે.

(૭) એમ્પ્લોઈ.પ્રો.ફંડ નં.રજુ કરવાનું રહેશે તેમજ કામદારોની યાદી રજુ કરવાની રહેશે તથા વખતોવખત કામદારોના પી.એફ. ના નાણાં ઈ.પી.એફ માં જમા કરવાના રહેશે જેની નોંધ લેશો.

(૮) મે.કમિશ્નરશ્રી ની નોંધ નં.સી.એન/૫૨ તા.૦૧/૦૬/૨૦૧૬ અનુસાર બાંધકામ કરતાં ઈજારદાર/કોન્ટ્રાકટરે યોગ્ય રીતે સી.ડી.વેસ્ટ નો નિકાલ કરવાનો રહેશે તેમજ કામગીરી દરમ્યાન બનતાં કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ (સી.ડી.વેસ્ટ ) ના નિકાલ કરવા બાબતે બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

(૯) ઉપરોકત વિષયમાં જણાવેલ કામ સેફટી / સલામતી તથા આરોગ્ય વિષયક સાધનો સિવાય ચાલુ કરવા દેવામાં આવશે નહી અને જો તેમ કરવામાં ચુકશો તો સાઈટ પર કોઈ અકસ્માત થશે તો તેની સઘળી જવાબદારી તમારી રહેશે. જેની ગંભીરતાપૂર્વક નોંધ લેવી.

(૧૦) ઉપરોકત વિષયમાં જણાવેલ કામગીરી બીજા અને ચોથા શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસોમાં કરવું નહિ, જો તેમ કરવામાં આવશે તો તેની સઘળી જવાબદારી આપની શિરે રહેશે. જેની ગંભીરતાપૂર્વક નોંધ લેવી.

(બ) <u>કોન્ટ્રાકટ મજુર નિયત અને નાબુદી) અધિનિયમ–૧૯૭૦ :–</u>
પ્રવર્તમાન કાયદા હેઠળ લેબર લાયસન્સ લેવુ જરુરી હોય તે અંગે અત્રેની કચેરીના સેકશન ઓફીસરશ્રીને રુબરુ મળી લાયસન્સ મેળવી, તમોને સુપ્રત કરેલ કામગીરી ચાલુ કરવી, તેમ છતાં તે મેળવ્યા સિવાય જો આ કામગીરી ચાલુ કરવામાં આવશે, તો તે સામે ઉભા થનાર સંભવિત સર્વે જવાબદારી તમારા શીરે રહેશે. તેની પણ આથી સ્પષ્ટ નોંધ લેશો.

(ક) બાળમજુર અધિનિયમ મુજબ બાળ કામદાર આ કામે રોકવા નહી અને બાળ કામદારને રોકવામાં આવશે તો એક બાળકામદાર દીઠ રૂા. ૨૦,૦૦૦/– વસુલ લઈ કલેકટરશ્રીનાં ચાઈલ્ડ લેબર રીહેબીલીટેશન કમ વેલ્ફેર ફંડ ખાતે જમાં કરવામાં આવશે અને સરકારી કાયદા મુજબ પગલાં ભરવામાં આવશે. જેની નોંધ લેશો.

તમોને સોંપવામાં આવેલ કામગીરી પુરી કરવાની સમયમર્યાદા દરમ્યાન ટેન્ડરનાં મેમોરેન્ડમ નિયત શિડયુલ પ્રમાણે પ્રોગેસ જાળવવા ખાસ તકેદારી રાખવાની રહેશે. અને જો તેમ કરવામાં કશી ચુક થશે તો ટેન્ડરનાં કલોઝ નં.GC-20A પ્રમાણે સમયમર્યાદા પુરા થયા બાદ શિક્ષાત્મક પગલા (જેમાં આપશ્રીનાં રનીંગ બીલમાં દંડકીય વસુલાત વિગેરેનો સમાવેશ થાય છે.) લેવામાં આવશે. તેની પણ આથી સ્પષ્ટ નોંધ લેશો.

(સહી)
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા.

O/C

ન.ર. :– (૧) ટેન્ડર કલાર્ક પ્રતિ...... જાણ તથા રેકર્ડ સારૂ.
(૨) ડેપ્યુટી એકાઉન્ટ (સેન્ટ્રલ ઝોન) પ્રતિ...... જાણ તથા રેકર્ડ સારૂ